તાત્કાલિક .

ક્રમાંક: એસટીપી/૧૨૨૦૧૨/૧૭૮/૬૧
મહેસુલ વિભાગ, સચિવાલય,
ગાંધીનગર,
તા.૨૨/૧૦/૨૦૧૨

પ્રતિ,
સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સ અને નોંધણી સર નિરીક્ષકશ્રી,
બ્લોકન નં. ૧૪, ડો. જીવરાજ મહેતા ભવન,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

વિષય: A.S.R.(જંત્રી) ૨૦૧૧માં ટ્રાવર્સ સર્વે નંબરોની જમીનોના ભાવ નક્કી કરવા બાબત.

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અંગેના આપના તારીખ-૨૯-૦૬-૨૦૧૨ના પત્ર ક્રમાંક સ્ટેમ્પ/તાંત્રિક/ ૧૮૫/૨૦૧૨/૩૧૨ અન્વયે આજ્ઞાનુસાર જણાવવાનું કે, A.S.R.(જંત્રી) ૨૦૧૨માં ટ્રાવર્સ સર્વે નંબરોની જમીનોના ભાવ નક્કી કરવા બાબતે મહેસૂલ વિભાગના તારીખ ૧૯/3/૨૦૧૨ના સમાનાંકી પત્રથી આપની દરખાસ્તને સરકારશ્રીની મંજૂરી આપવામાં આવેલ છે. તે જ પ્રમાણેની પ્રકીયા દ્વારાA.S.R.(જંત્રી) ૨૦૧૧માં પણ ટ્રાવર્સ સર્વે નંબરોની જમીનોના ભાવ નક્કી કરવા બાબતની આપની તારીખ ૨૯-૬-૨૦૧૨ની દરખાસ્તને સરકારશ્રીએ મંજૂરી આપેલ છે જે વિદીત થાય.

આપનો વિશ્વાસુ
(પ્રવિણ ધંધુકીયા)
ઉપ સચિવ
મહેસુલ વિભાગ

ક્રમાંક:સ્ટેમ્પ/તાંત્રીક/૧૮૫/૨૦૧૧/૬૯૯

સુપ્રિ. ઓફ સ્ટેમ્પ્સશ્રીની કચેરી,
ડૉ.જીવરાજ મહેતા ભવન,
બ્લોક નં. ૧૪, બીજો માળ,
ગાંધીનગર.
તા. ૧૭/૧૨/૨૦૧૨.

પ્રતિ,
નાયબ કલેક્ટરશ્રી,
સ્ટેમ્પ ડ્યુટી મુલ્યાંકન તંત્ર,
(તમામ)------

**વિષયઃ- A S R (જંત્રી) ૨૦૧૧ ગાઇડલાઇન**
**ટ્રાવર્સ સર્વે નંબરોની જમીનોના ભાવ નક્કી કરવા બાબત .......**
સંદર્ભઃ- સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગર ના પત્ર ક્રમાંક/ પરચ /૧૨૨૦૧૨/ ૧૭૮/ હ-૧ તા. ૨૨/૧૦/૨૦૧૨.

ઉપરોક્ત વિષય ના સંદર્ભમાં દર્શાવેલ સરકારશ્રીના મહેસુલ વિભાગ ગાંધીનગરના પત્ર તા.૨૨/૧૦/૨૦૧૨થી ASR- 2011 (જંત્રી) માં ટ્રાવર્સ સર્વે નંબરોની જમીનોના ભાવ નક્કી કરવા મંજુરી આપવામાં આવેલ છે. જે મુજબ ટ્રાવર્સ સર્વે નંબરોની જમીનોના દસ્તાવેજ માં જમીનના ભાવ નક્કી કરવા અંગેની જરૂરીયાત ઉપસ્થિત થાય ત્યારે તે જમીનની જીલ્લા દફતર ખાતા પાસે માપણી કરાવી, તેની ચોક્કસ સ્થળ સ્થિતિ (લાગુ માપણી થયેલ સર્વે નંબર સાથે) ના નકશા સાથે રજુઆત કરવામાં આવે તો આવી મિલકત-જમીન ના સર્વે નંબર ની સ્થળ સ્થિતી મુજબ જંત્રીના જે ગ્રીડ માં લોકેશન નક્કી થતું હોય, તે લાગુ પડતા ગ્રીડ નંબર ની ચકાસણી કરી, તે મુજબ લાગુ પડતાં ગ્રીડ નંબર ના જંત્રીમાં દર્શાવેલ ભાવની વિગત ધ્યાને લઇ મુંબઇ સ્ટેમ્પ અધિનિયમ અન્વયે આપને પ્રાપ્ત થયેલ અધિકાર પરત્વે યોગ્ય તે બજાર કીંમત નક્કી કરવા સંબંધિત નિયમોનુસાર ઘટીત કાર્યવાહી કરવાની રહેશે.

સુપ્રિન્ટેન્ડેન્ટ ઓફ સ્ટેમ્પ,
ગુજરાત રાજ્ય,ગાંધીનગર

નકલ સવિનય રવાના. (૧) કલેક્ટરશ્રી જીલ્લા કલેક્ટરશ્રીની કચેરી (તમામ)
(૨) નાયબ નોંધણીસર નિરીક્ષક શ્રી, ગાંધીનગર.